# જન્મદિને વધામણી




કૈરવ દેસાઈ
મો. ૯૮૨૫૭ ૨૭૭૦૬



હાર્દ પટેલ



ભાવિન મહેશકુમાર સોનારા
સિનિયર સાયન્ટીસ્ટ,
ઝાયડસ રિસર્ચ સેન્ટર
મો. ૯૯૦૯૦ ૮૮૧૦૦



ઋત્વીક




વૈશાલી તોબાની



ચૈત્રી શિરીષભાઈ શાહ
બાસ્કેટ બોલ પ્લેયર,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ
મો. ૯૩૨૭૬ ૯૭૫૩૭



ફૈઝાનખાન એસ પઠાણ
મો. ૯૮૯૮૦ ૯૭૮૩૪



નીતિન સિંગલ

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે 'બાટીક'નો વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે હોમ સાયન્સ વિભાગ દ્વારા 'બાટીક'નો વર્કશૉપ યોજવામાં આવ્યો હતો.

પ્રા. સ્મિતાબેન એસ દવે દ્વારા આ વર્કશૉપ અંતર્ગત ભારતીય સંસ્કૃતિની ધરોહર સમી બાટીક કલાની તાલીમ વિદ્યાર્થીનીઓને આપી હતી. વિદ્યાર્થીનીઓને આ વર્કશૉપ દ્વારા જાણવા મળ્યું હતું કે આ કલાનો ઉલ્લેખ રામાયણમાં પણ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીનીઓએ આ કલા વિશે માહિતી મેળવી પ્રાયોગિક કાર્ય કરી નમૂના તૈયાર કર્યા હતા. વર્કશૉપનું આયોજન ડૉ. હેમાંગિનીબેન વાઘેલાએ કર્યું હતું અને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરીનો સહયોગ રહ્યો હતો.

## જીઆઈપીએસ ખાતે ફૅન્સી ડ્રેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ભૂલકાઓ માટે ફૅન્સી ડ્રેસ કૉમ્પીટીશન યોજવામાં આવી હતી, જેમાં પ્રિ પ્રાયમરી વિભાગનાં ભૂલકાઓ નેચર (કુદરત) વિષય પર વિવિધ પ્રકારનાં ડ્રેસ ધારણ કરીને આવ્યાં હતાં અને આ વિષયે જાગૃતિ ફેલાવવાનો અસરકારક પ્રયાસ કર્યો હતો. બાળકોને પ્રોત્સાહિત કરવા તેમના વાલીઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વાલીઓએ જાતે મહેનત કરીને બાળકોનાં વિવિધ ડ્રેસીસ તૈયાર કર્યા હતાં અને બાળકોએ રસથી તે ધારણ કર્યા હતાં, જેના કારણે શાળા પરિસરમાં ઉત્સાહપ્રેરક વાતાવરણનું સર્જન થયું હતું.

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની કબડ્ડી ટીમ મહાનગર રનર્સ-અપ



ગાંધીનગર, તા. ૧૫

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે આયોજિત મહાનગર કબડ્ડી સ્પર્ધામાં શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ, સૅક્ટર-૨૩ની ગર્લ્સ ટીમ રનર્સ-અપ બની હતી. અગાઉ આ સ્પર્ધા ઝોનવાઈઝ યોજવામાં આવી હતી, જ્યાં વિજેતા નીવડેલી ટીમ મહાનગર કક્ષાએ સ્પર્ધામાં ઊતરી હતી. આ સ્પર્ધામાં કૉલેજની ગર્લ્સ ટીમ રનર્સ-અપ તરીકે ઊભરી આવી હતી. આ ગરવી ટીમમાં રાજેશ્રી રામે, પ્રિયંકા રાણે, શ્રદ્ધા રાણે, રમીલા માજીરાણા, મેઘના પટેલ, મિત્તલ પટેલ, આરતી રબારી, ગાયત્રી પટેલ, મમતા ઝાપડીયા, અંજના ઠક્કર, કિંજલ રાઠોડ અને સંધ્યા વિરાજા સામેલ હતાં.

ફિઝીકલ એજ્યુકેશનના વડા ડૉ. રણછોડ રથવી અને કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ કૉલેજ પરિવાર વતી આ ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમ્પોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫
**સ્ક્રીન-૫**
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫,
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

## પરંપરા ફાઉન્ડેશન દ્વારા સરસ્વતી પૂજન

ગાંધીનગર, તા. ૧૫

પરંપરા બચાવો આંદોલન દ્વારા વસંતપંચમી નિમિતે સરસ્વતી પૂજાનું આયોજન કરવામાં હતું. છેલ્લા કેટલા વર્ષોથી આપણે આપણી પ્રચલિત જૂની પ્રથાઓ ભૂલી રહ્યા છે. હજારો વર્ષોથી ચાલતી આવતી ભારતીય સંસ્કૃતિ અંતર્ગત વિવિધ પરંપરાઓ તૂટી રહી છે. ભારતીયતાની ઓળખજ આપણી ભારતીય સંસ્કૃતિ છે તેથી આપણી પરંપરાઓને તુટતી બચાવવા ધૃવભાઈ જોશીએ પરંપરા બચાવો આંદોલનની શરૂઆત કરી છે.

વસંતપંચમી નિમિતે સરસ્વતી પૂજાના આયોજન દ્વારા લોકોને વસંતપંચમીના મહત્વ જાણવાનું તથા આપણી પરંપરાને જાળવવા લોકો આગળ આવે તે હેતુથી કરવામાં આવ્યું હતું. કુમારી વાગ્મી જોશીએ પરંપરાગત રીતે સરસ્વતી પૂજા કરી હતી.

પરંપરા બચાવો આંદોલનના સ્થાપક ધૃવભાઈ જોશીએ વસંતપંચમીનું પૌરાણિક અને સામાજિક મહત્વ વિષે માહિતી આપી હતી. ધૃવભાઈએ તેમના ઉદબોધનમાં જણાવ્યુકે વસંત ઋતુ જેમ પ્રકૃતિને સુંદર અને મહેકતી બનાવે છે એમ આ દિવસોમાં ધંધાકીય કૌશલ્યને પણ નવી પાંખો ફૂટે છે. વસંત ઋતુ આવતા પ્રકૃતિનું કણ-કણ ખીલી ઉઠે છે. પ્રાચીન સમયથી તે જ્ઞાન અને કળા દેવી સરસ્વતીનો જન્મદિવસ માનવામાં આવે છે. ભારતીય વિદ્વાનો જ્ઞાનની દેવી શારદા માતાની ખુબજ પ્રેમથી પૂજા-અર્ચના કરે અને મા સરસ્વતી તેઓને અધિક જ્ઞાનવાન બનાવે તેવી પ્રાર્થના કરે છે. ગુજરાતના ડાંગ જિલ્લાના વનવાસી લોકો માને છે કે વસંત પંચમીના દિવસે ભગવાન રામચંદ્રજીએ ત્યાં મુલાકાત લીધી હતી. અહી ભગવાન રામ શીલા પર બેઠા હતા એ શબરી આશ્રમમાં ડાંગના વનવાસીઓ વસંત પંચમીના દિવસે પૂજા કરે છે. તેઓએ આપણી પરંપરા તરફ પાછા વળવા



અને ભારતીય સંસ્કૃતિ જાળવવા સર્વેને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે લોકોએ ખુબ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. વસંતપંચમી નિમિતે સરસ્વતી પૂજાનું આયોજનને પાર પાડવા માટે ઉષાબેન, દીક્ષીતાબેન, સંજયભાઈ, નીલેશભાઈ વગેરેએ જેહમત ઉઠાવી હતી.






યુનાઈટેડ સ્કૂલ ઑફ લૉ, અમદાવાદના ઉપક્રમે એડીથ કોવન યુનિવર્સિટી, ઑસ્ટ્રેલિયાના ૧૨ વિદ્યાર્થીઓ અને બે અધ્યાપકોએ 'શૅરીંગ ઍક્સપિરીયન્સ વિથ ઑસ્ટ્રેલિયન સ્ટુડન્ટ્સ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. યુનાઈટેડ સ્કૂલ ઑફ લૉના ડિરેક્ટર અને સિટી સિવિલ કૉર્ટના પૂર્વ જજ ડૉ. જ્યોત્સના યાજ્ઞિક દ્વારા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમની સાથે વિગતે જ્ઞાનનું આદાન-પ્રદાન કરાયું હતું. સ્કૂલના ૧૨ અધ્યાપકો અને ૨૦૦ વિદ્યાર્થીઓ આ પરસ્પર વિનિમય કાર્યક્રમમાં સામેલ થયા હતા.

## પી કે ચૌધરી મહિલા કૉલેજ ખાતે આધાર કાર્ડ કૅમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે ઈલૅક્શન સૅલ દ્વારા સમગ્ર સંકુલની વિદ્યાર્થીનીઓ, સ્ટાફ જેઓ આધાર કાર્ડ ધરાવતા નથી તેમના માટે આધાર કાર્ડ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને ૭૨ વ્યક્તિઓનાં આધાર કાર્ડ મેળવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમનું આયોજન ઈલૅક્શન સૅલના ડેઝિગ્નેટેડ ઑફિસર ડૉ. હેમાંગિની વાઘેલા અને કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરીના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# વન્ડરફુલ વૅલેન્ટાઈન... ચલી ઈશ્ક દી હવા ચલી...

## રોમેન્ટીક સોંગ્સ, વાઈબ્રેટીંગ મોડ પર મ્યુઝીક, અવનવી ગેમ્સ, ફૂલોની આપલે, પ્રેમનો એકરાર, રંગબેરંગી ડ્રેસીસ સાથે એની ટાઈમ મસ્તી ગૃપનું પ્રેમને વ્યક્ત કરવા અને માણવા મુક્ત પ્લૅટફૉર્મ આપતું ફૂલગુલાબી વૅલેન્ટાઈન સૅલિબ્રેશન

### અચરજથી ડાળીઓ માળીને પૂછે છે, ફૂલો સૌ ક્યાં છે ? શું વૅલેન્ટાઈન ડે છે ?

વસંતઋતુમાં ખીલેલાં ફૂલોની મઘમઘતી સુગંધ, ફૂલગુલાબી ઠંડી, ઋતુનો ખુમાર, પ્રેમને મદમસ્ત કરનારો ફેબ્રુઆરી મહિનો અને એની ૧૪ તારીખ એટલે પ્રેમના શેર બજારમાં તેજીની ચાલ... વૅલેન્ટાઈન ડે... યુવા દિલોની ધડકન, ગુલાબે છાતી કાઢીને ચાલવાનો દિવસ... પ્રેમનો એકરાર, પ્રસ્તાવ, ઉજવણી, ગિફ્ટ સાથે ફુલ ટુ ઍન્જોય એટલે વૅલેન્ટાઈન ડે...

પ્રેમ એટલે પ્રેમ હોય છે. ત્મારો અને અમારો સેમ હોય છે... પ્રેમ માત્ર યુવાનો, લવ બર્ડ્સ માટે જ નહીં પણ માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો સૌ સાથે સૅલિબ્રેટ કરાય.. અને આ પ્રેમનો પ્રેમાળ વિચાર સાથે પ્રેમને મનાવવા ધમાલ કરવા ઍની ટાઈમ મસ્તી ગૃપે એક યુવા દિલોની ધડકન સમા આ વૅલેન્ટાઈન ડેનું મોજીલું સૅલિબ્રેશન કર્યું...

ઈતના મધુર, ઈતના મદિર તેરા મેરા પ્યાર... જેવા મધુર ગીત સાથે વર્સેટાઈલ સિંગર શ્યામ ગઢવીએ મહેફિલની શરૂઆત કરાવી દીધી... કહેના હૈ, કહેના હૈ, આજ તુમસે પહેલી બાર... ગીત સાથે જ મધુરી અને મોહક ઍન્કર પ્રિયા જાની એક બાદ એક કપલને બોલાવી, હાથમાં હાર્ટ શૅપનું બલૂન આપી ડાન્સ કરાવતી રહી...

પ્યાર દિવાના હોતા હૈ..., ના તુમ હમેં જાનો, ના હમ તુમ્હેં જાને.., ગુલાબી આંખે જો તેરી દેખી.., ઐસા મૌકા ફિર કહાં મિલેગા... બિલકુલ રોમેન્ટીક, યુવાનોને પાગલ કરતા અને વડીલોમાં એમના જમાનાનો ઈશ્ક યાદ કરાવતાં ગીતો ધૂમ મચાવતાં રહ્યાં...








ઓ મેરે સોના રે... ગીત સાથે વૉઈસ ઑફ લતા દેવિકા પટેલે દમદાર શરૂઆત કરી અને અજીબ દાંસ્તા હૈ યે... સાથે માહોલ જમાવી દીધો... અત્યાર સુધી ચાલેલા ગોલ્ડ એરાના ગીતોમાં પછી નવાં ગીતોની ફ્લેવર ઉમેરાઈ અને ડ્યુએટ સોંગ શરૂ થયાં. મેરી આશિકી અબ તુમ્હી હો... અને મૈં ઔર તુમ ગર હમ હો જાતે... ગીત સાથે યુવાનોને નાચતા કરી દીધા...

### કરવો હોય તો પ્રેમ ડાઉલોડ કરો, બાકી નફરત તો પ્રિલોડેડ આવે છે !

બેટેલ્સ ઈવેન્ટના માલિક મૌલિન શાહ કે જેમણે આ કાર્યક્રમનું આયોજન કરેલું એમને તો ખરેખર ધન્યવાદ આપવા ઘટે, માત્ર ત્રણ જ જણથી બનેલું માઈક્રો ઑરકેસ્ટ્રા અને છતાંય કોઈપણ ગીતમાં ક્યાંય કશુંય ખૂટતું હોય એવો અહેસાસ જ નહીં... સેવેરી બૅન્ક્વેટ હૉલને જે રીતે બલૂન અને ફૂલોથી સજાવેલો એ જોતાં જ મોહી પડાય એવો માહોલ... અને આ માહોલમાં જ્યારે ભીગે હોઠ તેરે... ગીત ચાલ્યું તો વસંત ઋતુમાં રોમાન્સની લહેરખીઓ ઊડી ગઈ...

એટીએમના પ્રમુખ સૅમ્યુઅલ ક્રિશ્ચિયન અને બીના ક્રિશ્ચિયનનું આકર્ષક આયોજન એટલે કપલ્સ માટે રાખેલી ગેમ્સ... પાંચ કપલને કાર્યક્રમમાં એના અવાજ અને દેખાવને કારણે હાથ મિલાવવા પડાપડી કરતાં પ્રિયા જાનીએ બોલાવીને દરેક પતિને એની વૅલેન્ટાઈનના વાળમાં સ્ટ્રો લગાડવાની મસ્ત રમત રમાડી, એક મિનીટના અંતે સજેલી હૅરસ્ટાઈલ સાથે રૅમ્પ વૉક કરાવી અને પછી ઈનામો આપીને મોજ કરાવી દીધી...

આ સૅલિબ્રેશનનું સ્પર્શી જાય એવું પાસું એટલે કપલ્સને વારાફરથી બોલાવીને એમને બે-બે વાક્યો બોલવાનું કહેવામાં આવ્યું. ઘણાં શરમાયાં, ઘણાં ખીલી ઊઠ્યાં, પણ સંવેદના સૌએ અનુભવી...

પ્રેમની અભિવ્યક્તિ માટેના આ દરેક વયજૂથ માટે યોજાયેલા આ વૅલેન્ટાઈન સૅલિબ્રેશનનો નશો સૌને ચઢી ગયો, ફરી સભ્યો આવા કાર્યક્રમની અપેક્ષા રાખશે એવું નિશ્ચિત લાગી રહ્યું છે...

## જિલ્લાકક્ષાના પ્રથમ ફિલાટેલી પ્રદર્શનની યાદ




ગાંધીનગર રાજ્યનું પાટનગર બન્યા પછી ટપાલ ખાતું રાજ્યકક્ષાનું ફિલાટેલી પ્રદર્શન યોજતું હતું પરંતુ જિલ્લાકક્ષાએ આવું ૩ દિવસીય પ્રદર્શન ગાંધીનગર ખાતે ૨૦૦૭માં યોજવામાં આવ્યું હતું, જેમાં 'વૅલેન્ટાઈન ડે'ના પ્રતીક સમા ગુલાબની પોસ્ટલ સ્ટૅમ્પ રજૂ કરવામાં આવી હતી. 'ગાંધીનગર સમાચાર'ના વાચક કાંતિલાલ ઍમ શર્માએ આ બાબતની યાદ અપાવતી તસવીર ખાસ અખબારના વાચકો માટે મોકલી છે.